અભિયાન

All India- International 25 April, 2020

# આદિવાસી વિસ્તારમાં સેવાનો મોરચો સંભાળી રહેલી સંસ્થા શ્રીમદ્ રાજચંદ્ર મિશન



*મહામારીના આ કઠિન સમયમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા રસ્તે રખડતાં અબોલ પ્રાણીઓને ઘાસનું નીરણ કરવામાં આવે છે*



*મહામારીના આ કઠિન સમયમાં દૈનિક કામદારોને અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ, તેલ, મસાલા વગેરેની કિટ્સનું શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા વિતરણ કરવામાં આવે છે*

કોરોના વાઈરસની મહામારીને કારણે આજે દરેક વ્યક્તિ નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. જોકે સૌથી દયનીય સ્થિતિ ગરીબ વર્ગની છે, જેને જીવનનિર્વાહ માટે જરૂરી એવા અન્ન અને જળ મેળવવામાં ભારે હાલાકી પડી રહી છે. આવા સમયે સરકારી તંત્ર તો તેની રીતે અન્ન અને જળ સહાય પહોંચાડવાની કામગીરી કરી જ રહ્યું છે, પણ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જનસેવા એ જ પ્રભુસેવાના સૂત્રને અનુસરીને ગરીબો અને જરૂરિયાતમંદોની મદદે પહોંચી રહ્યું છે. આવી જ એક સંસ્થા છે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આવેલી શ્રીમદ્ રાજચંદ્ર મિશન. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ તરીકે જાણીતા એવા શ્રીમદ્ રાજચંદ્રના આદર્શો અને સિદ્ધાંતોને અનુસરનારી શ્રીમદ્ રાજચંદ્ર મિશન મહામારીના આ સમયમાં ડાંગ જિલ્લા અને તેની આસપાસના પ્રદેશમાં જરૂરિયાતમંદો અને પ્રાણીઓને ભોજન, જળ, દવા વગેરે જેવી જીવનજરૂરી સુવિધાઓ પહોંચાડવાનું કામ કરી રહી છે.

પોતાનું સત્ય સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરોના સ્ટેટમેન્ટને ચરિતાર્થ કરતા મિશનનાં વિવિધ કેન્દ્રો સાથે જોડાયેલા પાંચસોથી વધુ સ્વયંસેવકો કોવિડ-૧૯ રાહતકાર્યોમાં જોડાયા છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ફ્રેન્ટલાઈન સેવકો જેવા કે ડૉક્ટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, સરકારી કર્મચારીઓ, નગરપાલિકાના કર્મચારીઓ, જરૂરિયાતમંદ પરિવારો તથા દૈનિક કામદારો, હૉસ્પિટલો અને પ્રાણીઓને સહાય પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. કટોકટીના આ સમયમાં દેશને મદદરૂપ થવા માટે લોકોને પૌષ્ટિક આહારનાં પેકેટ, માસ્ક, સેનિટાઈઝર વગેરે આપવામાં આવી રહ્યાં છે.

આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારોને અનાજ, તેલ, મસાલા વગેરેનું એક મહિનાનું રાશન અને સાબુની કિટનું વિતરણ કરાઈ રહ્યું છે. આરોગ્યપ્રદ વાતાવરણમાં બનાવવામાં આવેલી પૌષ્ટિક ખીચડી તથા છાશ અને શાકભાજી, ફૂડ પેકેટ, બિસ્કિટનાં પેકેટ, ચણા વગેરે ખાદ્યસામગ્રી હજારો લોકોને પહોંચાડવામાં આવી રહી છે. કુલ ૧ મહિના દરમિયાન દોઢ લાખ લોકોને ટંક જમણ પહોંચાડાઈ રહ્યું છે. લોકો આ સહાયનો લાભ લઈ શકે તે માટે ધરમપુર તાલુકામાં એક હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. એટલું જ નહીં, સરકારી હૉસ્પિટલના ડૉક્ટરો અને નર્સોને વૅન્ટિલેટર વાપરવાની તાલીમ શ્રીમદ્ રાજચંદ્ર હૉસ્પિટલના ડૉક્ટર દ્વારા આપવામાં આવી રહી છે. આદિવાસી વિસ્તારોમાં ફરી લોકોમાં મહામારી અંગે તેમજ તેની સામે સાવચેતીનાં પગલાં, લક્ષણો, જણાય તો આરોગ્યની તપાસ, કોનો સંપર્ક સાધવો વગેરે સમજણ આપી લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. અનેક હૉસ્પિટલોમાં ફ્રેન્ચ લાઈન સેવકો અને દર્દીઓને માસ્ક, ટેમ્પરેચર ગન, બાયોસૂટ, સેનિટાઈઝર વગેરે જેવા આરોગ્ય સંભાળનાં ઉપકરણોનું વિતરણ કરાઈ રહ્યું છે. દરેક જીવમાં શિવ વસે છે એ ન્યાયે મિશન દ્વારા અબોલા જીવોને પણ ઘાસ, રોટલી, બિસ્કિટ વગેરેનું નીરણ કરવામાં આવે છે. તેમની સારસંભાળ રાખવામાં આવે છે. પ્રાણીઓના ડૉક્ટર દ્વારા જરૂરી પ્રાણીઓને તબીબી સારવાર આપવામાં આવી રહી છે. ધરમપુરમાં આવેલ પ્રાણીઓ માટેનું શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમ આ કપરા સમયમાં પણ કાર્યરત છે.

**સરકારી હોસ્પિટલના ડોક્ટરો અને નર્સોને વેન્ટિલેટર વાપરવાની તાલીમ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના ડોક્ટર દ્વારા આપવામાં આવી રહી છે**

આમ કટોકટીના સમયમાં વલસાડ-ડાંગ જેવા આદિવાસી વિસ્તારોમાં રાહતકાર્યો થકી વિશ્વને પ્રેમ અને સહાયના સ્પર્શનો સંદેશ આપવાનું કામ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર કરી રહ્યું છે. ■